ક્રમાંક:- મઉમશબ/સંશોધન/૨૬૬૬-૯૯
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર તા.૧૪/૧૧/૨૦૧૭

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય:-માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક અભ્યાસક્રમમાં NCERTના પાઠ્યપુસ્તકોનો અમલ કરવા બાબત.

સંદર્ભ:-શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૭/૧૦૩૬/છ તા.૨૫/૧૦/૨૦૧૭

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય અનુસાર શૈક્ષણિક વર્ષ જુન-૨૦૧૮થી ધો-૯માં ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ અંગ્રેજી તથા ધો-૧૧ (વિજ્ઞાન પ્રવાહ)માં ગણિત, રસાયણ વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન અને અંગ્રેજી વિષયોમાં NCERT ના પાઠ્યપુસ્તકો તેમજ રસાયણ વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનમાં પ્રાયોગિકકાર્ય માટે NCERTની પ્રયોગપોથીઓનો અમલ કરવાનો થાય છે તે જ રીતે શૈક્ષણિક વર્ષ જુન-૨૦૧૯ થી ધો-૧૦ અને ધો-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) માં ક્રમશ:અમલ કરવાનો થાય છે. આ ઉપરાંત, ધો-૯ થી ૧૨માં અંગ્રેજી માધ્યમ સિવાયની શાળાઓ માટે ગુ.રા.શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત અંગ્રેજી (દ્વિતીયભાષા)ના પાઠ્યપુસ્તકનો અમલ કરવાનો થાય છે. જે અંગેનો શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૭/૧૦૩૬/છ તા.૨૫/૧૦/૨૦૧૭ આ સાથે મોકલવામાં આવે છે જે આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ અંગે જાણ તથા અમલ સારું મોકલી આપવા વિનંતી છે.

બિડાણ:- સંદર્ભદર્શિત ઠરાવની નકલ

(આર.આઇ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.

૬૧૬૨
સમાચાર

ઘ-૨

ગુ.મા. અને ઉ.મા. શિ.બોર્ડ
ગાંધીનગર સ.શ્રી
શાખા........................
3 NOV 2017
સહી......Jimmy......
ઇનવર્ડ નંબર......1123......

માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણના અભ્યાસક્રમમાં એન.સી.ઈ.આર.ટી.ના પાઠ્યપુસ્તકોનો અમલ કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-મશબ / ૧૨૧૭ /૧૦૩૬ / છ
સચિવાલય ,ગાંધીનગર ,
તા.૨૫/૧૦/૨૦૧૭

વંચાણે લીધા:

(૧)સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના તા.૨૮/૮/૨૦૧૭ના પત્ર ક્ર-મઉમશબ-સંશોધન-૨૦૧૭-૨૩૮૯

આમુખ:

ઉપરોક્ત વંચાણે લીધા પત્રથી ધો-૯ થી ધો-૧૨માં ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ અંગ્રેજી વિષયોમાં NCERTના પાઠ્યપુસ્તકોનો અમલ કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે મુજબ જુન-૨૦૧૮થી ધોરણ-૯ માં ગણિત,વિજ્ઞાન અને ટેક્નોલોજી તેમજ અંગ્રેજી વિષયમાં તથા ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં ગણિત, રસાયણ વિજ્ઞાન,ભૌતિક વિજ્ઞાન,જીવ વિજ્ઞાન અને અંગ્રેજી વિષયોમાં NCERTના પાઠ્યપુસ્તકોનો અમલ કરવાનો થાય છે. ક્રમશ: જુન-૨૦૧૯થી ધો-૧૦ અને ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આ પ્રમાણે અમલ કરવાનો રહે છે. આ ઉપરાંત, ધો-૯ થી ધો-૧૨માં અંગ્રેજી માધ્યમ સિવાયની શાળાઓ માટે ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત અંગ્રેજી (દ્વિતીય ભાષા) નું પાઠ્યપુસ્તક અમલમાં મુકવા અંગે તેમજ ધોરણ-૧૧,૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પ્રાયોગિક કાર્ય માટે NCERTના પ્રકાશનોનો અમલ કરવા અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.